Marengo CIMS Hospital

HUMANE BY PRACTICE

# CIMS Cancer Care

Volume-7 | Issue-76 | Aug 25, 2025

Price : ₹5/-




CIMS Cancer Care

Marengo CIMS Hospital
HUMANE BY PRACTICE

Volume-7 | Issue-76 | Aug 25, 2025

# ઓરલ સબમ્યૂકસ ફાઈબ્રોસિસ



**DR JAYESH V. PATEL**

MS
Consultant Cancer Surgeon
+91 98250 49874
jayesh.patel@marengoasia.com

- **વ્યાખ્યા :** આ કેન્સર થાય તે પહેલાની સ્થિતિ છે કે જે બીટલ નટ (સોપારી) ખાવાથી થાય છે જેના કારણે મોઢાના પોલાણની મ્યૂકસ મેમ્બ્રેનનું ફાઇબ્રોસિસ થાય છે, અને આખરે તેના કારણે મોઢાની પૂરી રીતે ખુલવાની ક્ષમતા ઘટી જાય છે.
- **આ સ્થિતિના બનાવો:** આ સ્થિતિના બનાવો દક્ષિણ પૂર્વ વિસ્તારમાં સૌથી મહત્તમ છે અને ગુજરાતમાં સૌરાષ્ટ્રના યુવા લોકોમાં આ સામાન્ય છે. ભારતમાં ૩ થી ૪% જેટલી વસ્તી ઓએસએફથી પીડિત છે.
- તમાકુ અને સોપારી ખાવાની ટેવ હોવાના કારણે, સ્ત્રી અને પુરુષ બંનેમાં આ રોગ થવાની સંભાવના લગભગ સમાન હોય છે. તે સીધુ સોપારીના વપરાશના જથ્થા સાથે સંબંધિત છે અને વસ્તીના નાના જૂથમાં વધુ જોવા મળે છે.
- **કારણ:** સોપારી, નટ, ગુટકા, વધુ પડતો મસાલેદાર ખોરાક, તાંબા વાળા પાણીનો વપરાશ.
- **લક્ષણ અને ચિહ્નો:-**
- મોંના ખુલવાની ક્ષમતામાં ધીમે ધીમે ઘટાડો થવો જેના કારણે પછીના તબક્કે જડબાઓની ગતિની મર્યાદા ધીરી થાય છે.
- બકલ મ્યુકોસામાં સફેદ ડાઘા / અલ્સરેશન (ચાંદા પડવા)
- મોંના મ્યુકોસનું બ્લિચિંગ (સફેદ થઈ જવું).
- મેસ્ટિકેટરી મસલ એટ્રોફી (સ્નાયુની કૃશતા) અને ફાઇબ્રોસિસ.
- સામાન્ય ખોરાક લેતી વખતે મોંમાં ગંભીર જલન થવી.
- ગાલ સંકોચાઈ જવા.
- **નિદાન :-**
- મુખ્યત્વે ક્લિનિકલ પરીક્ષણ જ્યારે (હાથથી અથવા આંગળીઓથી તપાસતાં ગાલની અંદરની ચામડી જાડી લાગવી)
- બાયોપ્સી દ્વારા
- **જટિલતાઓ :-**
- દર્દીની દાત સ્વરછતા ખરાબ થતી જાય છે.
- દાત સંબંધિત સમસ્યાઓની સારવાર માટે મુશ્કેલી થાય છે.
- ૭થી ૩૦% દર્દીઓમાં આ રોગની કેન્સરમાં રૂપાંતર થવાની સંભાવના છે
- સબમ્યૂકસ ફાઈબ્રોસિસ ન હોય તેવા દર્દીઓની તુલનામાં જે છે અને તેમાં દર્દીની મૃત્યુ થવાની શક્યતા વધુ હોય છે.
- મોટાભાગના દર્દીઓ, ઓપરેશન પછી રેડિયોથેરાપીની જરૂર હોય છે.
- કેન્સરનું ઓપરેશન કર્યા પછી જો મોં ખોલવામાં સતત બંધન રહે છે, તો બીજા પ્રાથમિક ટ્યૂમરનું મૂલ્યાંકન કરવામાં મુશ્કેલી ઉભી થાય છે.
- કોઈ વખત તમાકુ અને સોપારી ખાવાને લીધે ફિલ્ડ કેન્સરાઇઝેશન થાય છે જેના કારણે મોંઢાના પોલાણમાં મલ્ટીસેંટ્રિક કેન્સર થાય છે અને તે આ રોગના પરિણામનું ખૂબજ નબળુ અનુમાન આપે છે.

**ઓરલ સબમ્યૂકસ ફાઇબ્રોસિસ માટેની સારવાર :**

**નોન સર્જિકલ :-**

આ સારવારો રોગના પ્રારંભિક તબક્કામાં ઉપયોગી છે અને રોગના લક્ષણોમાં રાહત આપે છે પરંતુ જે ફાઇબ્રોસિસ થઈ ગયું છે તેને ક્યારેય ઉલટાવી શકતું નથી.

- દર્દીને મોં ખોલવા માટેની કસરતો કરવા માટેની સલાહ આપવામાં આવે છે અને તે માટેના વિવિધ ઉપકરણો ઉપલબ્ધ છે.
- તમાકુ, સોપારી વગેરે ખાવાની આદત બંધ કરવી.
- ઉચ્ચ પોષણયુક્ત આહાર લેવો લેવાકે લીલા પાંદડાવાળા શાકભાજી, વગેરે.
- મલ્ટિવિટામિન / વિટામિન એ, વગેરે લેવા.

**સર્જિકલ (આક્રમક) સારવાર :-**

- ફાઇબ્રોટોમી
- સર્જરી / ઓપરેશન કરાવ્યા પછી લાંબા સમય સુધી, સતત મોં ખોલવાની કસરત કરવી
- કોરોનોઇડેટોમી અને ફ્લેપ દ્વારા રિકંસ્ટ્રકશન

**નિષ્કર્ષ :-**

- તમાકુ, સોપારી, ગુટકા વગેરે ખાવાનું ટાળો, એકવાર મોંઢામાં ફાઇબ્રોસિસ વિકસિત થાય છે તે પછી જીવનની ગુણવત્તા સારી નથી રહેતી.

**Cancer Department**


**MEDICAL ONCOLOGY :** Dr Bhavesh B Parekh | Dr Yesha Patel **RADIATION ONCOLOGY :** Dr Devang Bhavsar | Dr Maulik Bhensdadia | Dr Prapti Patel Desai **SURGICAL ONCOLOGY: Head & Neck Cancer:** Dr Ashok Patel | Dr Jayesh Patel | Dr Darshan Bhansali | Dr Urvish Shah | Dr Mohit P. Korat **General Oncology:** Dr Natwarbhai Patel (Dr Natoo Patel) **Breast Cancer:** Dr Abhishek Jain | Dr Veer R. Shah | Dr Noopur Patel **Thoracic Cancer:** Dr Abhishek Jain | Dr Sarav Shah **GI & HPB Cancer:** Dr Manish Gandhi | Dr Mahavir Tadaiya | Dr Nishant Sanghavi | Dr Nikunj Patel **Uro Onco:** Dr Keval Patel **Gynec Cancer:** Dr Nishant Sanghavi | Dr Nikunj Patel **BONE MARROW TRANSPLANT:** Dr Kaumil Patel | Dr Hemant Menghani | Dr Ankit Jitani **Micro Vascular Onco-Reconstructive Plastic Surgeon :** Dr Vatsal Kothari **Nuclear Medicine:** Dr Zeel Soni

CIMS Cancer Care

Marengo CIMS Hospital
HUMANE BY PRACTICE

Volume-7 | Issue-76 | Aug 25, 2025

# કેન્સર શું છે?



**DR DEVANG BHAVSAR**
MBBS, MD (Radiation Oncology)
Consultant Radiation Oncologist
+91 99792 75555
devang.bhavsar@marengoasia.com

સાદી ભાષામાં કહીએ, તો કેન્સર કોષોનો રોગ છે. કોષો આપણાં શરીરમાં પાયાનું કામ કરે છે.

કેન્સર એટલે કોષોની અનિયંત્રિત વૃદ્ધિ. અસાધારણ અને અનિયંત્રિત વધારાને કારણે કેન્સરની ગાંઠનું નિર્માણ થાય છે.

દરેક ગાંઠ કેન્સરની હોતી નથી. કેન્સરની ગાંઠો શરીરનાં સ્વસ્થ ભાગનાં અંગો અને કોષોને રોગગ્રસ્ત બનાવી શકે છે અને આ રીતે ઘણીવાર શરીરનાં બીજા ભાગો પણ રોગગ્રસ્ત બને છે.

મૈરિંગો સિમ્સ હોસ્પિટલ કેન્સર માટે હંમેશા કાર્યરત છે.

### (૧) રેડિયેશન

- રેડિયેશન થેરાપી દ્વારા ક્ષ-કિરણો (x-ray) દર્દીને અપાય છે. આ ક્ષ કિરણો ચોક્કસ માત્રામાં અને ચોક્કસ જગ્યાએ આપવામાં આવે છે જેનાથી કેન્સરગ્રસ્ત દર્દીનો રોગ મટાડી શકાય છે તથા શરીરનાં બીજા કોષોને નુકશાન થતું બચાવી શકાય છે. તે કિરણો શરીરનાં કેન્સરગ્રસ્ત કોષોનો નાશ કરે છે. શરીરનાં બાકીનાં આવરણો (ચામડી અથવા તો અંગો જેમાંથી કિરણો પસાર કરવાના હોય છે) રેડિયેશન મશીન તેને ધ્યાનમાં રાખીને બનાવાયુ છે કે, માત્ર કેન્સરગ્રસ્ત અથવા આસપાસ પ્રસરવાની શક્યતા ધરાવતા ભાગનાં કોષોની જ સારવાર થાય અને બાકીનાં ભાગને નુકશાન ન થાય તેની જરૂરી તકેદારી લેવામાં આવે છે. જુદા-જુદા કેન્સરમાં રેડિયેશન થેરાપી જુદી-જુદી રીતે વાપરવામાં આવે છે. રેડિયેશન થેરાપી મોટા ભાગે જટીલ ગાંઠના કેસમાં અસરકર્તા છે. કેન્સર મટાડવા માટે રેડિયેશન અથવા સર્જરી પછી રેડિયોથેરાપી અથવા કિમો થેરાપી અને રેડિયોથેરાપી દર્દીની કેન્સરની ગાંઠનો તબક્કો જોઈ નક્કી કરવામાં આવે છે.
- **રેડિયેશનમાં સારવારની પદ્ધતિ** : Palliative Care, 2D, 3D, CRT, IMRT, VMAT, IGRT, SRS/SRT, HDR Brachytherapy, Adaptive Radiotherapy

### (૨) કિમો થેરાપી

- કિમો થેરાપી કેન્સરની સારવારનો એક ભાગ છે, જેમાં કેન્સરની ગાંઠોનો નાશ કરવા દવાઓનો ઉપયોગ થાય છે. જે દવાઓને ઈન્જેક્શન દ્વારા કે ગોળી રૂપે દર્દીને રોગ પ્રમાણે અપાય છે. જૂના સમયમાં કિમો થેરાપી ધીમેધીમે કેન્સરનાં કોષોને મારવા માટે વપરાતી હતી. જે હવે કેન્સરનાં કોષો મારવા અતિ મહત્વની ગણાય છે.
- ટાર્ગેટેડ થેરાપીએ એક એવો કિમો થેરાપીનો પ્રકાર છે. જે શરીરનાં સામાન્ય કોષોને અસર કર્યા વગર કેન્સરગ્રસ્ત કોષોને ફક્ત અસર કરે છે.

### (૩) ઓપરેશન (સર્જરી)

- સર્જરી એ કેન્સર પેશન્ટ પર કરાતી મહત્વની પ્રક્રિયા છે, જેનાથી કેન્સરગ્રસ્ત ભાગને દૂર કરી શરીરનાં બીજા ભાગોમાં ચેપ થતો અટકાવવા માટે મદદરૂપ થાય છે. સર્જરી કરતા પહેલા બાયોપ્સીનો રીપોર્ટ કરી કયા પ્રકારના કેન્સરની ગાંઠ છે તે ચકાસવામાં આવે છે અને તે ગાંઠ પરથી કેન્સર કયા તબક્કાનું છે તે જાણી શકાય છે. કેટલાક કિસ્સામાં સર્જરી દ્વારા દર્દીને સંપૂર્ણ રોગમુક્ત કરી શકાય છે.

**(4) Palliative Care (Best Supportive Care)** : જ્યારે બિમારી વધી ગયેલ હોય ત્યારે દર્દીને દર્દમુક્ત કરવા માટે પેલીયેટીવ કેર ખૂબ જ અગત્યનો ભાગ ભજવે છે. આ પદ્ધતિમાં શારીરિક, માનસિક, ધાર્મિક અને સામાજીક રીતે દર્દીને સારૂ લાગે તેમ કરવામાં આવે છે. આ પદ્ધતિના ઉપયોગનો સીધો હેતુ દર્દીની જીવનશૈલી સુધારવાનો છે.

- આ પદ્ધતિ દ્વારા દર્દીને માનસિક સ્થિરતા થાય અને પોતાની જાતને સામાન્ય ગણે તેવો ઉદેશ છે. કેટલાક કિસ્સાઓમાં, લોકોને અમુક સંસ્થાઓ કેન્સર દર્દી સાથે માત્ર જરૂરી તબીબી સહાય આપવામાં જ માને છે પણ મૈરિંગો સીમ્સમાં એવુ નથી.
- અમે, મૈરિંગો સીમ્સ પરિવાર એવું માનીયે છીએ કે, કેન્સરની સારવાર માત્ર શારીરિક પ્રક્રિયા જ નહીં. માનસિક પ્રક્રિયા પણ છે. આજે કેન્સરને વિશ્વમાં ખરાબ માનવામાં આવતું નથી. કેન્સરનો રોગ ઝડપથી હવે પકડી શકાય છે. એ બીજી વાત છે કે, દર્દીએ સમાજમાંથી કેન્સર વિષે સારૂ-નરસુ સાંભળ્યું હોવાથી દર્દી માનસિક તનાવ અને બેચેની અનુભવે છે. આવી નકારાત્મક બાબતોને મનમાંથી કાઢવા મૈરિંગો સીમ્સ પરિવાર કેન્સરનાં દર્દીને બીજી ઘણી સેવાઓ આપે છે. જેનાથી દર્દીની સારવાર હકારાત્મક બને છે.
- **યોગા:** યોગા કરવા માટે મૈરિંગો સીમ્સ હોસ્પિટલમાં ખાસ રૂમ બનાવ્યો છે, જેથી દર્દીનું શરીર અને મન સ્વસ્થતા અનુભવે. કારણ કે કેન્સરનાં દર્દી માટે માનસિક સ્થિરતા જરૂરી હોય છે જે યોગા દ્વારા ઉત્તમ પરિણામ મળ છે.
- **આર્ટ થેરાપી:** આ પદ્ધતિ દ્વારા વ્યક્તિ પોતાના મનનો ડર અને અંદરનાં હાવભાવ કાગળ પર ઉતારે જેનાથી મનનો ભય ભાગી જાય. મૈરિંગો સીમ્સ પરિવાર આર્ટ થેરાપી દ્વારા તનાવ મુક્ત થવાય એ વાતને સમર્થન આપે છે અને દ્રઢતાપૂર્વક માને છે કે દર્દીની મનની અંદર ચાલતી ગુંચવણો દૂર કરવા આર્ટ થેરાપી ખૂબ મહત્વની છે.
- **સંગીતનાં માધ્યમ દ્વારા સારવાર:** જે રીતે શરીર સ્વસ્થ રાખવા યોગા મહત્વનાં છે તેજ રીતે મનમાં હકારાત્મક વિચારો લાવવા સંગીત મહત્વનું છે. સંગીત સાંભળવાથી મન પ્રભુલ્લિત થાય છે. સંગીતનાં માધ્યમથી કેન્સરનાં દર્દીની રોગ પ્રતિકારક શક્તિ, દુખાવો, જીવનશૈલી, હૃદયના ધબકારાનું પ્રમાણ અને બ્લડ પ્રેશર પર સારું પરિણામ મેળવી શકાયું છે. આથી અહીં સંગીત થેરાપી પણ દર્દીને સારવાર દરમિયાન આપવામાં આવે છે.
- **પોષણક્ષમ આહારની સમજ:** કેન્સરનાં દર્દીનાં જીવન માટે પોષણક્ષમ આહાર ખૂબ જ મહત્વનો ભાગ ભજવે છે. મૈરિંગો સીમ્સ હોસ્પિટલનાં ન્યુટ્રીશન એક્સપર્ટ દર્દીને સારવાર દરમિયાનના તબક્કે શરીરને જરૂરી તમામ વિટામિન, પ્રોટીન મળી રહે તે માટે ડાયટીશીયનનું માર્ગદર્શન પણ આપે છે.
- **તબીબી સામાજીક કાર્યકર:** મૈરિંગો સીમ્સ કેન્સર સેન્ટરનાં તબીબી સામાજીક કાર્યકરો દર્દી અને તેમનાં સગાને હુંફાળુ વાતાવરણ પુરુ પાડે છે,

CIMS Cancer Care

Marengo CIMS Hospital
HUMANE BY PRACTICE

Volume-7 | Issue-76 | Aug 25, 2025

# 18 વર્ષની ઈંદોરની યુવતી પર દુર્લભ અને જટિલ સફળ બોન મેરો ટ્રાન્સપ્લાન્ટ– એક તીરથી બે નિશાન, બે બીમારીઓનો ઈલાજ

**DR HEMANT MENGHANI**

MBBS, MD Fellowship in Pediatric Hematology Oncology (American Board Certified), FAAP
Consultant - Pediatric Oncology Hematology & Bone Marrow Transplant
+91 74338 11521
hemant.menghani@marengoasia.com

મૅરિંગો સિમ્સ હોસ્પિટલ માં 18 વર્ષની એક યુવતીએ એક જ બોન મેરો ટ્રાન્સપ્લાન્ટથી બે જીવલેણ રક્ત વિકારોને હરાવ્યા

એક ચિકિત્સાકીય ચમત્કારરૂપ ઘટના તરીકે, મેરિંગો CIMS હૉસ્પિટલએ 18 વર્ષની યુવતી પર એક અત્યંત જટિલ બોન મેરો ટ્રાન્સપ્લાન્ટ સફળતાપૂર્વક હાથ ધર્યો, જે બે ગંભીર રક્ત વિકારો — બીટા થેલેસેમિયા મેજર અને રિફ્રેક્ટરી એક્યૂટ લિમ્ફોબ્લાસ્ટિક લ્યુકેમિયા (ALL)થી પીડાતી હતી. આ એક દુર્લભ કેસ હતો કારણકે બંને બીમારીઓ માટે અલગ-અલગ પ્રકારની સારવાર જરૂરી હતી, છતાં હૉસ્પિટલની નિષ્ણાત ટીમે 100% સફળ પરિણામ મેળવી, દુનિયાભરના દર્દીઓ માટે નવી આશાની કિરણ આપી.

મૂળ ઇંદોરની રહેવાસી આ યુવતીને જન્મથી જ બીટા થેલેસેમિયા મેજર હતો, જેના કારણે તેને નિયમિત રીતે રક્ત સેરાં કરાવવાનું આવતું હતું. તાજેતરમાં, તેને રિફ્રેક્ટરી એક્યૂટ લિમ્ફોબ્લાસ્ટિક લ્યુકેમિયા (ALL) નામના રક્ત કેન્સરનું નિદાન થયું હતું, જે કેમોથેરાપી સામે પ્રતિકાર કરે છે. ત્યારબાદ તેને મૅરિંગો સિમ્સ હૉસ્પિટલમાં રેફર કરવામાં આવી, જ્યાં ડૉક્ટરોએ બોન મેરો ટ્રાન્સપ્લાન્ટ કરવાની રૂપરેખા બનાવી: આ બંને બીમારીઓ માટે એજ એકમાત્ર શક્ય ઈલાજ હતો.


બોન મેરો ટ્રાન્સપ્લાન્ટ એક અત્યંત જટિલ પ્રક્રિયા છે. થેલેસેમિયા ટ્રાન્સપ્લાન્ટ સામાન્ય રીતે નાના બાળકોમાં સફળ થાય છે, પરંતુ 10 વર્ષથી વધુ વયના દર્દીઓમાં તે હાઇ-રિસ્ક માનવામાં આવે છે. બીજી બાજુ, રિફ્રેક્ટરી કેન્સર ધરાવનારા દર્દીઓમાં સારવારની શક્યતા ખૂબ ઓછી હોય છે. આ યુવતીમાં બંને સ્થિતિઓ હાજર હતી, જેના કારણે આ કેસ અત્યંત મુશ્કેલ બન્યો અને તેમાં નિષ્ણાતી અને ચોકસાઇપૂર્વકની સારવારની જરૂર પડી.

ડૉ. હેમંત મેઘાણી, જેમણે અમેરિકન બોર્ડ સર્ટિફાઈડ પીડિયાટ્રિક હેમેટોલોજીસ્ટ, ઑન્કોલોજીસ્ટ અને સ્ટેમ સેલ ટ્રાન્સપ્લાન્ટ નિષ્ણાત તરીકે કામગીરી બજાવી, તથા ડૉ. અંકિત જીતાણી, કન્સલ્ટન્ટ હેમેટોલોજી, હેમેટો-ઑન્કોલોજી અને બોન મેરો ટ્રાન્સપ્લાન્ટ, એમણે દર્દીની સ્થિતિનું ઊંડાણપૂર્વક વિશ્લેષણ કર્યું અને પરિવાર સાથે તમામ વિકલ્પો અંગે ચર્ચા કરી. સંપૂર્ણ મેડિકલ ચકાસણી પછી, યુવતીની નાની બહેનને ડોનર તરીકે પસંદ કરીને બોન મેરો ટ્રાન્સપ્લાન્ટ કરવાનો નિર્ણય લેવાયો.

ડૉ. મેઘાણી જણાવે છે, “અમારા હૉસ્પિટલમાં તમામ પ્રકારના સ્ટેમ સેલ ટ્રાન્સપ્લાન્ટ જેવી કે ઓટોલોગસ અને એલોજેનિક (ફુલ મૅચ અને હાફ-મૅચ હેપ્લો ટ્રાન્સપ્લાન્ટ) નિયમિત રીતે કરવામાં આવે છે. જોકે, આવા દુર્લભ કેસોમાં ટ્રાન્સપ્લાન્ટ કરવાનો પ્રયાસ પણ ખૂબ જોખમી હોય છે. આ યુવતીની સફળ સારવાર મૅરિંગો સિમ્સ હૉસ્પિટલની સમગ્ર ટીમની નિષ્ણાતી અને સમર્પણનો જીવતો પુરાવો છે.”

થેલેસેમિયા ભારતમાં એક ગંભીર આરોગ્ય સમસ્યા છે, જ્યાં દર વર્ષે 10,000થી વધુ બાળકો આ બીમારી સાથે જન્મે છે. થેલેસેમિયા ઈન્ટરનેશનલ ફેડરેશન મુજબ, ભારતમાં આશરે 4 કરોડ લોકો થેલેસેમિયા જીનના વાહક છે. વૈશ્વિક સ્તરે, દર 10,000 જન્મમાં 4.4 બાળકોને થેલેસેમિયાની કોઈને કોઈ પ્રકારનો સામનો કરવો પડે છે.

તે જ રીતે, એક્યૂટ લિમ્ફોબ્લાસ્ટિક લ્યુકેમિયા (ALL) દુનિયાભરમાં બાળકોમાં સૌથી સામાન્ય કેન્સર છે. ભારતમાં બાળ કેન્સરના લગભગ 25% કેસો ALLના હોય છે. દેશમાં દર વર્ષે લગભગ 12,000 નવા કેસ નોંધાય છે, જ્યારે વૈશ્વિક સ્તરે આ આંકડો 87,000 સુધી પહોંચી જાય છે.



Marengo CIMS Hospital
HUMANE BY PRACTICE

CIMS Cancer Care

Volume-7 | Issue-76 | Aug 25, 2025




## કેશલેસ ઈન્સ્યોરન્સ I થર્ડ પાર્ટી એડમિનિસ્ટ્રેટર (TPA) I પબ્લિક સેકટર અંડરટેકીંગ (PSU)

### ઇન્શ્યોરન્સ કંપનીઓ

- ન્યૂ ઈન્ડિયા એશ્યોરન્સ
- નેશનલ ઇન્શ્યોરન્સ
- યુનાઈટેડ ઈન્ડિયા ઇન્શ્યોરન્સ
- ઓરિયેન્ટલ ઇન્શ્યોરન્સ

### ટી.પી.એ. (TPA )

- અલંકિત હેલ્થ કેર
- અનમોલ મેડીકેર
- અન્યુતા હેલ્થકેર
- ઈસ્ટ વેસ્ટ આસિસ્ટ
- એરિકસન હેલ્થકેર
- ફેમિલી હેલ્થ પ્લાન
- ફોકસ હેલ્થસર્વિસ
- જેનિસ ઈન્ડિયા
- ગુડ હેલ્થ પ્લાન
- ગ્રાન્ડ હેલ્થકેર સર્વિસ
- હેપ્પી ઈન્સ્યોરન્સ
- હેલ્થ ઈન્ડિયા
- હેલ્થ ઈન્સ્યોરન્સ
- હેરિટેઝ હેલ્થ
- એમડી ઈન્ડિયા હેલ્થકેર
- મેડ સેવ હેલ્થ કેર
- મેડી આસિસ્ટ ઈન્ડિયા
- મેડએડવાન્ટેજ ઈન્સ્યોરન્સ
- પાર્ક મેડિકલેમ
- પેરામાઉન્ડ હેલ્થ સર્વિસ
- રક્ષા હેલ્થ ઈન્સ્યોરન્સ
- રોથશિલ્ડ હેલ્થકેર
- સેફવે હેલ્થકેર
- સ્પૂર્થી મેડિટેક
- શ્રી ગોકુલમ હેલ્થ સર્વિસીસ
- વિડાલ હેલ્થ
- વિપુલ મેડ કોર્પ

### પ્રાઈવેટ ઈન્શ્યોરન્સ

- આદિત્ય બિરલા હેલ્થ
- બજાજ આલિયાન્ઝ
- ચોલા MS
- મનિપાલ સિગ્ના
- ડીએચએફએલ
- એડલ વાઇસ
- ગો ડિજીટ
- એચડીએફસી અર્ગો
- ICICI લોમ્બાર્ડ
- ઇફકો ટોકિયો
- ઇન્ડિયા ફર્સ્ટ લાઈફ ઇન્શ્યોરન્સ
- લિબર્ટી જનરલ ઇન્શ્યોરન્સ
- મેગ્મા HDI
- નિવા બુપા
- કેર હેલ્થ
- રિલાયન્સ જનરલ
- એસ.બી.આઈ. જનરલ
- સ્ટાર હેલ્થ એન્ડ એલાઈડ
- ટાટા એ.આઈ.જી
- યુનિવર્સલ સોમ્પો
- એકો જનરલ
- નાવી જનરલ ઈન્શ્યોરન્સ

### પબ્લિક સેકટર અન્ડરટેકિંગ (PSU)

- એરપોર્ટ ઓથોરિટી ઓફ ઇન્ડિયા
- ભારત સંચાર નિગમ લિમિટેડ*
- ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (BPCL)
- **સેન્ટ્રલ ગવર્મેન્ટ હેલ્થ સ્કિમ (CGHS)**
- સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાત (ગાંધીનગર)
- કોલ ઈન્ડિયા લિમિટેડ
- દીનદયાળ પોર્ટ ઓથોરિટી
- એમ્પ્લોઈ 'સ સ્ટેટ ઇન્શ્યોરન્સ કોર્પોરેશન (ESIC) * (માત્ર કર્મચારીઓ અને પેન્શનરો માટે)
- **ECHS (એક્સ-સર્વિસમેન કોન્ટ્રીબ્યુટરી હેલ્થ સ્કીમ)**
- ફૂડ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા
- ગેસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા લિમિટેડ (GAIL)
- ગુજરાત મિનરલ્સ ડેવલપમેન્ટ કોર્પોરેશન (GMDC)*
- ગુજરાત સ્ટેટ ફર્ટિલાઇઝર્સ કેમિકેલ્સ લિમિટેડ (GSFC)
- ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ (GEB) (GUVNL, GSECL, GETCO, UGVCL, PGVCL, MGVCL, DGVCL)
- હાઉસિંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ કોર્પોરેશન (HUDCO)
- હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (HPCL)
- ઇન્ડિયન ફાર્મર્સ ફર્ટિલાઇઝર્સ કોર્પોરેશન (IFFCO)
- ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેન્ટ
- ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડ (IOCL)
- ઇન્સ્ટિટ્યૂટ ફોર પ્લાઝ્મા રિસર્ચ (IPR)
- ઇન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઇઝેશન (ISRO)
- નેશનલ હાઇ સ્પીડ રેલ કોર્પોરેશન (NHSRL)
- નેશનલ ઇન્સ્ટિટ્યુટ ઓફ ઓક્યુપેશનલ હેલ્થ (NIOH)
- NHPC લિમિટેડ
- ઓઇલ ઈન્ડિયા લિમિટેડ
- ઓઇલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન (ONGC) (મહેસાણા, અમદાવાદ વગેરે)
- ઓફિસ ડાયરેક્ટર જનરલ ઓફ ઓડિટ (Central ) ગુજરાત (Audit Bhavan )
- ઓફિસ પ્રિન્સિપલ એકાઉન્ટન્ટ જનરલ (Audit-I ) એ.જી.એમ.
- ઓફિસ એકાઉન્ટન્ટ જનરલ (Audit-II ) એ.જી.એમ.
- ફિઝિકલ રિસર્ચ લિમિટેડ (PRL)
- **રાજસ્થાન સરકાર આરોગ્ય યોજના (RGHS)**
- ભારતીય રિઝર્વ બેંક (RBI)
- સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI)
- વેસ્ટર્ન રેલ્વે
- **આયુષ્માન ભારત-પ્રધાન મંત્રી જન આરોગ્ય યોજના (PM-JAY)- માત્ર કેન્સર અને ડાયાલિસિસની સારવાર માટે**

Terms & Conditions Apply*

CIMS Cancer Care

Marengo CIMS Hospital
HUMANE BY PRACTICE

Volume-7 | Issue-76 | Aug 25, 2025

# EVERY CANCER IS DIFFERENT.
# SO ARE THE EXPERTS WHO TREAT IT.



## AT MARENGO CIMS HOSPITAL, WE HAVE EXPERTS FOR EVERY KIND OF CANCER.

We understand that every cancer case is different and needs special treatment and care. After identifying the cancer, the cancer specialist who specializes in diagnosing and treating that particular cancer operates on you, therefore, ensuring that you receive the right and a comprehensive 360-degree approach to medical, surgical & radiation oncology.

### TEAM OF EXPERTS

**MEDICAL ONCOLOGY :** Dr Bhavesh B Parekh | Dr Yesha Patel **RADIATION ONCOLOGY :** Dr Devang Bhavsar | Dr Maulik Bhensdadia | Dr Prapti Patel Desai
**SURGICAL ONCOLOGY: Head & Neck Cancer:** Dr Ashok Patel | Dr Jayesh Patel | Dr Darshan Bhansali | Dr Urvish Shah | Dr Mohit P. Korat
**General Oncology:** Dr Natwarbhai Patel (Dr Natoo Patel) **Breast Cancer:** Dr Abhishek Jain | Dr Veer R. Shah | Dr Noopur Patel
**Thoracic Cancer:** Dr Abhishek Jain | Dr Sarav Shah **GI & HPB Cancer:** Dr Manish Gandhi | Dr Mahavir Tadaiya | Dr Nishant Sanghavi | Dr Nikunj Patel
**Uro Onco:** Dr Keval Patel **Gynec Cancer:** Dr Nishant Sanghavi | Dr Nikunj Patel **BONE MARROW TRANSPLANT:** Dr Kaumil Patel | Dr Hemant Menghani | Dr Ankit Jitani **Micro Vascular Onco-Reconstructive Plastic Surgeon :** Dr Vatsal Kothari **Nuclear Medicine:** Dr Zeel Soni

**Marengo CIMS Hospital**
Off. Science City Road, Sola, Ahmedabad - 380060

JCI (USA)

1800 309 9999

Marengo CIMS Hospital
HUMANE BY PRACTICE
Volume-7 | Issue-76 | Aug 25, 2025

# HEAD & NECK CANCER CLINIC

## Personalised Treatment. Compassionate Care. Lasting Results.



### WHY US?

- >> Comprehensive, personalised care by expert Tumour Board
- >> Most Experienced Medical, Surgical & Radiation Team
- >> All Type of Chemotherapy / Targeted Therapy & Immunotherapy
- >> Reconstructive Robotic / Surgical Facility
- >> 2 linac chambers Intracavitary & Interstitial Brachytherapy, FFF Radiation Technique
- >> State of Art Facility

9:00 AM TO 4:00 PM

### CONSULT OUR EXPERTS

**MEDICAL ONCOLOGY :** Dr Bhavesh B Parekh | Dr Yesha Patel **RADIATION ONCOLOGY :** Dr Devang Bhavsar | Dr Maulik Bhensdadia | Dr Prapti Patel Desai **SURGICAL ONCOLOGY: Head & Neck Cancer:** Dr Ashok Patel | Dr Jayesh Patel | Dr Darshan Bhansali | Dr Urvish Shah | Dr Mohit P. Korat **General Oncology:** Dr Natwarbhai Patel (Dr Natoo Patel) **Breast Cancer:** Dr Abhishek Jain | Dr Veer R. Shah | Dr Noopur Patel **Thoracic Cancer:** Dr Abhishek Jain | Dr Sarav Shah **GI & HPB Cancer:** Dr Manish Gandhi | Dr Mahavir Tadaiya | Dr Nishant Sanghavi | Dr Nikunj Patel **Uro Onco:** Dr Keval Patel **Gynec Cancer:** Dr Nishant Sanghavi | Dr Nikunj Patel **BONE MARROW TRANSPLANT:** Dr Kaumil Patel | Dr Hemant Menghani | Dr Ankit Jitani **Micro Vascular Onco-Reconstructive Plastic Surgeon :** Dr Vatsal Kothari **Nuclear Medicine:** Dr Zeel Soni

**FOR INQUIRY & APPOINTMENT : 82380 95712 | 82380 95715**

**Marengo CIMS Hospital**
Off. Science City Road, Sola, Ahmedabad - 380060
marengocims.info@marengoasia.com

JCI (USA)

For emergency or appointment,
**1800 309 9999**

Marengo CIMS Hospital
HUMANE BY PRACTICE

Volume-7 | Issue-76 | Aug 25, 2025

**CIMS Cancer Care Registered under RNI No. GUJBIL/2017/75574**
**Published on 25th of every month**
**Permitted to post at PSO, Ahmedabad-380002 on the 26th to 30th of every month under**
**Postal Registration No. AHD-C/100/2023-2025 issued by SSP Ahmedabad valid upto 31st December, 2025**
**Licence to Post without Prepayment No. PMG/NG/131/2024-2025 Valid upto 31st December, 2025**


**If Undelivered Please Return to :**

CIMS Hospital, Nr. Shukan Mall,

Off Science City Road, Sola, Ahmedabad-380060.

Call : 1800 309 9999

**Subscribe "CIMS Cancer Care" :** Get your "CIMS Cancer Care", the information of the latest medical updates only ₹ 60/- for one year. To subscribe pay ₹ 60/- in cash or cheque/DD at CIMS Hospital Pvt. Ltd. Nr. Shukan Mall, Off Science City Road, Sola, Ahmedabad-380060. Phone : +91-79-4805 2823. Cheque/DD should be in the name of : **"CIMS Hospital Pvt. Ltd."**
Please provide your **complete postal address with pincode, phone, mobile and email id** along with your subscription




Printed and Published by **DEVANG C. BHAVSAR** on behalf of **CIMS HOSPITAL PRIVATE LIMITED** and Printed at Shakti Offset, A-62, Pushraj Industrial Estate, Nutan Mill Road, Behind - Adani CNG Station, Saraspur, Ahmedabad - 380 018 and published from CIMS HOSPITAL PRIVATE LIMITED, Near Shukan Mall, Off Science City Road, Sola, AHMEDABAD - 380060. Editor - **DEVANG C. BHAVSAR.**